જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧/૧/૨૦૧૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

WEL COME 2016 HAPPY NEW YEAR

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૦૨/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૬ કેસ કરી ૭૩ વ્યક્તિઓને ઝડપી ૨૪૩ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩૦ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૦૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૦૪/૧૬**

**સેટેલાઈટઃ** રાજેશભાઈ તાનાજી માલી (રહે.ગોકુલધામ એપાર્ટમેન્ટ વેજલપુર) એ તા.૩૧/૧૨/૧૫ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૨/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ માનસી સર્કલ માનસ કોમ્પલેક્ષ ખાતે એ ટુ ઝેડ નામની ગીફ્ટની દુકાન નજીકથી પોતાના પુત્ર રાહુલ (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ યુ મસી ચલાવે છે.

**ઓઢવઃ** પ્રજ્ઞાબહેન પ્રતાપભાઈ પરમાર (ઉ.વ.૧૫)(રહે.વિનોબાભાવેનગર ગરીબ આવાસ યોજના સીંગરવા ઓઢવ) ને તા.૨૮/૧૨/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી અમરનાથ લક્ષ્મણભાઈ પાશ્વાન (રહે.ભગવતીનગર ઓઢવ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ પ્રજ્ઞાબહેનના પિતા પ્રતાપભાઈ પરમારે તા.૩૧/૧૨/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૦૫/૧૬**

**નરોડાઃ** પ્રફુલાબહેન પ્રવિણભાઈ પટેલ (રહે. સિધ્ધી પ્લાઝા ફ્લેટ બેઠક ત્રણ રસ્તા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૧૫ સવારના ૯/૩૦ થી બપોરના ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯,૫૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬,૧૩,૮૦૦/- મળી કુલ રૂપિયા ૧૫,૬૮,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર બી રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૦૬/૧૬</u>**

**આનંદનગરઃ** ચિંતામણી શ્યામખંડે રાવ (રહે.ઓરશીટ વાઈટ ફીલ્ડ એપાર્ટમેન્ટ જુહાપુરા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૧૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે રેડીયો મિર્ચી રોડ નજીક પોતાની પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી એચ પી કંપનીનુ લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને માઈક્રોમેક્ષ કંપનીનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨,૦૦૦/- અને જરૂરી કાગળની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ હે.કો.શ્રી રજાકભાઈ ભીખાભાઈ ચલાવે  છે.

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૦૭/૧૬</u>**

**વટવાઃ** આરતીબહેન નૈમીશભાઈ ત્રીવેદી (રહે.શિવપથ ફ્લેટ હરીહર સોસાયટી જુની આરાધના સ્કૂલ પાસે મણીનગર) તા.૩૧/૧૨/૧૫ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે વૈભવપાર્ક સોસાયટી જીવીબા સ્કૂલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ આરતીબહેનના ગલામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આરતીબહેન ત્રીવેદીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી આર જે ઠુમ્મર ચલાવે  છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૦૮/૧૬</u>**

**શહેરકોટડાઃ** ચાંદમહમદઅલી અબ્દુલરસીદ અંસારી (ઉ.વ.૩૦) (રહે.માધવભાઈ મીલ કંપાઉન્ડ મીટરગેજ રોડ સરસપુર) એ કોઈ કારણસર તા.૩૦/૧૨/૧૫ કલાક ૧૨/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ રતનસિહ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** કુતેક્ષ અશોકકુમાર શાહ (ઉ.વ.૩૧) (રહે.ખડાઈતા ભુવન ખાડીયા) એ કોઈ કારણસર તા.૩૧/૧૨/૧૫ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે એનઆઈડી પાછળ ઘાટ નંબર-૩ પશ્ચીમ તરફ સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)